# ૪.3 જૈન આગમની સારભૂત ઉપયોગી વાતો.

*ધમ્મો મંગલમુક્કિટ્ઠં અહિંસા સંજમો તવો,*
*દેવા વિ તં નમંસંતિ જસ્સ ધમ્મે સયા મણો.*

– શ્રી દશવૈકાલિકાસૂત્ર – અધ્યાય – ૧

ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે. અહિંસા, સંયમ અને તપ એ ધર્મ છે. જેમનું મન સદા ધર્મમાં છે, તેમને દેવો પણ નમસ્કાર કરે છે.

*જરા જાવ ન પીડેઈ, વાહી જાવ ન વડ્ઢઈ,*
*જાવિંદિયા ન હાયંતિ તાવ ધમ્મં સમાયરે.*

– શ્રી દશવૈકાલિકાસૂત્ર – અધ્યાય – ૮

જ્યાં સુધી ઘડપણ સતાવતું નથી, જ્યાં સુધી વ્યાધિઓ વધતા નથી અને જ્યાં સુધી આંખ વગેરે ઈન્દ્રિયો તથા હાથ વગેરે કર્મેન્દ્રિયો નબળી પડી નથી, ત્યાં સુધી ધર્મનું આચરણ કરી લેવું જોઈએ.

*જમ્મં દુક્ખં જરા દુક્ખં, રોગા ય મરાણાણિ ય,*
*અહો દુક્ખો હુ સંસારો, જત્થ કીસન્તિ જંવતો.*

– શ્રી સમણસુત્તં

જન્મ એ દુઃખ છે, ઘડપણ એ દુઃખ છે, રોગ દુઃખ છે અને મૃત્યુ દુઃખ છે. અહો! સંસારમાં દુઃખ જ છે, જેમાં (સંસારમાં) જીવ કલેશને પામે છે.

*એયં ખુ નાણિણો સારં, જં ન હિંસતિ કિંચણ,*
*અહિંસાસમયં ચેવ, એયાવન્તં વિયાણિયા.*

– શ્રી સૂત્રકૃતાંગ

કોઈને પણ પીડા ન કરવી એ ખરેખર જ્ઞાનીઓ માટે સારરૂપ છે. અહિંસાનું એટલું જ તાત્પર્ય સમજાય તોય ઘણું.

*કામાણુગિદ્ધિપ્પભવં ખુ દુક્ખં, સવ્વસ્સ લોગસ્સ સદેવગસ્સ,*
*જં કાઈયં માણસિયં ચ કિંચિ, તસ્સડન્તગં ગચ્છઈ વીયરાગો.*

– શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર – અધ્યાય – ૩૨

સ્વર્ગમાંય જે કાંઈ (માનસિક)દુઃખ છે તથા આ નજરે દેખાતા આખાય સંસારમાં જે કાંળ શારીરિક અને માનસિક દુઃખ છે, તે બધુંય કામભોગોની લાલચમાંથી જ પેદા થયેલ છે, માટે રાગ–દ્વેષથી પર થયેલા એવા વીતરાગ જ તે દુઃખોનો અંત પામી શકે છે.

*પાણિવહ – મુસાવાયાડ્દત્ત – મેહૂણ – પરિગ્ગહા વિરઓ,*
*રાઈભોયણવિરઓ, જીવો ભવઈ અણાસવો.*

– શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર – અધ્યાય –૩

હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મચર્ય અને પરિગ્રહ – એ પાંચ પાપમય પ્રવૃત્તિઓથી અટકી ગયેલો અને રાત્રિભોજનની પ્રવૃત્તિથી વિરામ પામેલો જીવ આસ્રવ વગરનો હોય છે.

*કમ્મં ચિણંતિ સવસા, તસ્સુદયમ્મિ ઉ પરવ્વસા હોંતિ,*
*રુક્ખં દુરુહઈ સવસો, વિગલઈ સ પરવ્વસો તત્તો.*

– શ્રી સમણસુત્તં

જેવી રીતે કોઈ પુરુષ ઝાડ ઉપર ચડતી વખતે સ્વવશ હોય છે પરંતુ પ્રમાદવશ એ જ્યારે ઝાડ ઉપરથી નીચે પડે છે ત્યારે એ પરવશ બની જાય છે, તેવી રીતે જીવ સ્વવશપણે કર્મ કરે છે પણ કર્મના ઉદય વખતે એને (કર્મ) ભોગવવાં પડે છે ત્યારે એ પરવશ બની જાય છે.

*એવં ધમ્મસ્સ વિણઓ, મૂલં પરમો સે મોક્ખો,*
*જેણ કિત્તિં સુયં સિગ્ઘં, નિસ્સેસં, ચાભિગચ્છઈ.*

– શ્રી દશવૈકાલિક સૂત્ર – અધ્યાય – ૯

jainuniversity.org

એ જ પ્રકારે ધર્મરૂપ વૃક્ષનું મૂળ વિનય છે અને મોક્ષ તે મૂળમાંથી પ્રગટ થતો ઉત્તમોત્તમ રસ છે. વિનયથી જ મનુષ્ય કીર્તિ, વિદ્યા, પ્રશંસા અને કલ્યાણ શીઘ્ર મેળવે છે.

*સંબુજ્ઝઈ કિં ન બુજ્ઝાઈ સંબોહી ખલુ પેચ્ચ દુલ્લહા,*
*નો હૂવણમંતિ રાઈઓ, નો સુલભં પુણરાવિ જીવિયં.*

– શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર

(હે મનુષ્યો!) જાગો, જાગો!, અરે!, તમે કેમ જાગતા નથી? મૃત્યુ પછી પરલોકમાં અંતર્જાગૃતિ થવી દુર્લભ છે. (જેમ) વીતેલી રાત્રિઓ ફરી વાર આવતી નથી (તેમ) મનુષ્યભવ ફરીવાર પ્રાપ્ત કરવો સુલભ નથી.

*જે એગં જાણઈ, સે સવ્વં જાણઈ,*
*જે સવ્વં જાણઈ, સે એગં જાણઈ.*

– શ્રી આચારાંગ સૂત્ર

જે એક (આત્મસ્વરૂપ)ને જાણે છે તે બધું જાણે છે અને જે સર્વને જાણે છે તે એક (આત્મા)ને જાણે છે.

सर्व ज्ञानाय भवतु

*અપ્પા કત્તા વિકત્તા ય, દુહાણ ય સુહાણ ય,*
*અપ્પા મિત્તમમિત્તં ચ, દુપટ્ઠિઅ – સુપ્પટ્ઠિઓ.*

– શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર

સ્વયં આત્મા જ પોતાના સુખ–દુ:ખનો કર્તા તથા ભોક્તા છે. સારા માર્ગે ચાલનાર પોતાનો આત્મા જ પોતાનો મિત્ર છે અને ખરાબ માર્ગે ચાલનાર આત્મા જ પોતાનો શત્રુ છે.

*રાગો ય દોસો બિયં, કમ્મં ચ મોહપ્પભવં વયતિ,*
*કમ્મં ચ જાઈમરણસ્સ મૂલં, દુક્ખં ચ જાઈ–મરણં વયંતિ.*

– શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર

રાગ અને દ્વેષ એ બંને કર્મનાં બીજ છે. કર્મમોહથી ઉત્પન્ન થાય છે એવું જ્ઞાનીઓનું કથન છે. કર્મ જન્મમરણનું મૂળ છે અને જન્મમરણ એ દુ:ખથી પરંપરા છે.

*જીવ – વહો અપ્પ–વહો, જીવ–દયા અપ્પ–દયા હોઈ,*
*તા સવ્વ જીવ– હિંસા, પરિચત્તા અત્તકમ્મેહિં .*

– શ્રી ભક્ત પરિજ્ઞા

જીવહિંસા એ પોતાની હિંસા છે, જીવ–દયા એ પોતાની દયા છે. આ દૃષ્ટિ રાખીને આત્માર્થી સાધકોએ હિંસાનો સર્વથા ત્યાગ કર્યો છે.

*નત્થિ એરિસો પાસો પડિબંધો અત્થિ સવ્વ–જીવાણં*

– શ્રી પ્રશ્નવ્યાકરણ

જીવહિંસા એ પોતાની હિંસા છે, જીવ–દયા એ પોતાની દયા છે. આ દૃષ્ટિ રાખીને આત્માર્થી સાધકોએ હિંસાનો સર્વથા ત્યાગ કર્યો છે.

*દેવ –દાણવ– ગંધવ્વા, જક્ખ – રક્ખસ્સ – કિન્નરા,*
*બંભયારિ નમંસંતિ, દુક્કરં જે કરંતિ તે.*

– શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર

જે મનુષ્ય દુષ્કર બ્રહ્મચર્યનું પાલન કરે છે તેને દેવ, દાનવ, ગંધર્વ , યક્ષ, રાક્ષસ અને કિન્નર વગેરે બધા નમસ્કાર કરે છે.

*જહ તુબ્ભે તહ અમ્હે તુમ્હે વિ હોહિહા જહા અમ્હે,*
*અબ્બાહેઈ પડંતં પંડુઅ – પતં કિસલયાણં.*

– શ્રી અનુયોગ દ્વાર

પીળું પાંદડું જમીન પર પડતાં પોતાના સાથી પાંદડાંને કહે છે, "આજે જે સ્થિતિ તમારી છે તેવી એક દિવસ મારી પણ હતી અને આજે જે મારી સ્થિતિ છે તેવી એક દિવસ તમારી પણ થશે જ."

*યેન તત્ત્વં વિબુધ્યતે યેન ચિત્તં નિરુધ્યતે,*
*યેન આત્મા વિશુધ્યતે, તજ્ જ્ઞાનં જિનશાસને.*

– શ્રી સમણસુત્તં

જેનાથી તત્ત્વનું જ્ઞાન થઈ શકે, જેનાથી ચિત્તનો નિરોધ સાધી શકાય, જેનાથી આત્મા વિશુદ્ધ બને એને જિનશાસનમાં જ્ઞાન કહેવામાં આવે છે.

*યેન રાગાદ્વિરજ્યતે યેન શ્રેયસ્સુ રજ્યતે,*
*યેન મૈત્રી પ્રભાવ્યેત, તજ્ જ્ઞાનં જિનશાસને.*

– શ્રી સમણસુત્તં

જે વડે જીવ રાગથી વિમુખ બને છે, હિતમાં અનુરક્ત બને છે અને મૈત્રીભાવ વધતો જાય છે એને જિનશાસનમાં જ્ઞાન કહેવામાં આવ્યું છે.

*જિનવચનમૌષધમિદં, વિષયસુખવિરેચનમ્ અમૃતભૂતમ્,*
*જરામરણવ્યાધિહરણં, ક્ષયકરણં સર્વદુ:ખાનામ્.*

– શ્રી દર્શનપાહુડ

વિષયસુખનું વિરેચન કરવા, જરા–મરણરૂપી વ્યાધિને દૂર કરવા તથા બધાં દુ:ખોનો નાશ કરવા જિન વચન અમૃતસમું ઔષધ છે.

*જ્ઞાતે હ્યાત્મનિ નો ભૂયો જ્ઞાતવ્યમવશિષ્યતે,*
*અજ્ઞાતે પુનરેતસ્મિન્ જ્ઞાનમન્યન્નિરર્થકમ્*

– શ્રી અધ્યાત્મસાર

આત્માને જાણ્યો તો પછી બીજું કંઈ જાણવા યોગ્ય બાકી રહેતું નથી અને જો આત્માને જાણ્યો નથી તો પછી બીજું સર્વ જ્ઞાન નિરર્થક છે.

*મા મુજ્ઝહ મા રજ્જહ મા દૂસહ ઈટ્ઠણિટ્ઠઅટ્ઠેસુ,*
*થિરમિચ્છહિ  જઈ ચિત્તં વિચિત્તજ્ઝાણપ્પસિદ્ધિણ.*

– શ્રી દ્રવ્યસંગ્રહ

jainuniversity.org

જો તમે નાના પ્રકારના ચિત્તલરૂપ ધ્યાનની પ્રસિદ્ધિ માટે ચિત્તની સ્થિરતા ઈચ્છતા હો તો ઈષ્ટ કે અનિષ્ટ પદાર્થોમાં મોહ ના કરો, રાગના કરો કે દ્વેષના કરો.

*વિરમ વિરમ સંગાન્ મુચ્ય મુચ્ય  પ્રપચ્યં વિસૃજ વિસૃજ મોહં વિદ્ધિ વિદ્ધિ સ્વતત્વમ્,*
*કલય કલય વૃત્તં પશ્ય પશ્ય સ્વરૂપમ્, કુરુ કુરુ પુરૂષાર્થં નિવૃત્તાનન્દહેતોઃ.*

– શ્રી જ્ઞાનાર્ણવ

હે આત્મન્! સર્વ સંગ, પરિગ્રહથી વિરામ પામ, વિરામ પામ. જગતના પ્રપંચોનો ત્યાગ કર, ત્યાગ કર. મોહને તજી દે, તજી દે. આત્મતત્ત્વનો બોધ પામ, બોધ પામ. ચારિત્રનો અભ્યાસ કર, અભ્યાસ કર. પોતાના આત્મસ્વરૂપ તરફ દ્દષ્ટિ કર, દ્દષ્ટિ કર અને  મોક્ષસુખના અનંત આનંદ માટે પુરુષાર્થ કર, પુરુષાર્થ કર.

*અહં ભ્રાન્તઃ પૂર્વં તદનુ ચ જગત્ મોહવશતઃ, પરદ્રવ્યે ચિન્તાસતતકરણાદાભવમહો,*
*પરં દ્રવ્યં મુક્તવા વિહરતિ ચિદાનન્દનિલયે, નિજદ્રવ્યે યો વૈ તમિહ પુરુષં ચેતસિ દધે.*

– શ્રી તત્ત્વજ્ઞાનતરંગિણી.

અહો! આશ્ચર્ય! અનાદિકાળથી સંસારમાં પરદ્રવ્યોની જ સતત ચિંતા કરતાં મોહવશે, ભ્રાંતિથી હું આજ સુધી ભમ્યો. જગત પણ તે જ પ્રકારે ભ્રમમાં ભૂલ્યું છે! હવે આ પરિભ્રમણથી થાકેલો, તેથી નિવર્તવાથી ઈચ્છાવાળો હું, જે મહાત્મા ભેદજ્ઞાનના બળે પરદ્રવ્યોનો ત્યાગ કરીને સહજાત્મસ્વરૂપમાં સદા વિહાર કરી રહ્યા છે, એવા આત્મજ્ઞાની જ્ઞાનીપુરુષને મારા હ્દયમાં અપૂર્વ પ્રેમે ધારણ કરું છું, તેમના આશ્રયે મારા આત્માને શોધું છું, સદા શુદ્ધ પવિત્ર બનાવું છું.

*ગૌરઃ સ્થૂલઃ કૃશો વાહં ઈત્યંગેનાવિશેષયન્*
*આત્માનં ધારયેન્ નિત્યં કેવલજ્ઞપ્તિવિગ્રહમ.*
*મુક્તિરેકાન્તિકી તસ્ય ચિત્તે યસ્યાચલા ધૃતિઃ*
*તસ્ય નૈકાન્તિકી મુક્તિર્યસ્ય નાસ્ત્યચલા ધૃતિઃ.*

– શ્રી સમાધિશતક

હું ગોરો છું, જાડો છું, પાતળો છું વગેરે શરીરના વિશેષણોથી આત્માને તે રૂપ ન માનતાં આત્માને તો નિત્ય અવિનાશી શાશ્વત કેવળજ્ઞાનરૂપ શરીરવાળો જાણવો, માનવો અને તથારૂપ શ્રદ્ધાની અડોલપણે, અચળપણે પકડ કરી લેવી. જેના ચિત્તમાં એવી પકડ અચળપણે દ્દઢ થઈ છે. પરંતુ એ પકડ જેના હ્દયમાં અચળ નથી તેનો મોક્ષ અવશ્ય નથી જ.